## સ્ટાર ઇન્ડિયાએ ભારતમાં રમાનારી મેચો માટે ભારતીય ક્રિકેટ પ્રસારણ અને ડિજિટલ અધિકારો મેળવ્યા

મુંબઈ,તા. ૨

સ્ટાર ઈન્ડિયાએ ભારતમાં રમાનારી મેચો માટે ભારતીય ક્રિકેટ પ્રસારણ અને ડિજિટલ અધિકારો મેળવી લીધા છે. ૬ વર્ષ માટે સ્ટાર ઈન્ડિયાએ ૩૮૫૧ કરોડ રૂપિયામાં બીસીસીઆઈ મીડિયા અધિકારો મેળવી લીધા છે. આની સાથે જ છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહેલી અટકળોનો અંત આવી ગયો છે. સ્ટાર ગ્રુપે આજે યોજાયેલી ગળાકાપ સ્પર્ધામાં મલ્ટી સ્કીન મીડિયા (સોની)ને પછડાટ આપીને ઘરઆંગણે રમાનારી ભારતની આંતરરાષ્ટ્રીય ક્રિકેટમેચોના ૬ વર્ષના પ્રસારણ અને ડિજિટલ અધિકાર મેળવી લીધા હતા. રણજી ટ્રોફી, દુલીપ ટ્રોફી અને ઈરાની ટ્રોફી જેવી સ્થાનિક સ્પર્ધાઓના પ્રસારણ અધિકાર પણ સ્ટારગ્રુપે મેળવી લીધા છે. ઈએસપીએન ક્રિક ઈન્ફો સાથે મળીને સ્ટારે પ્રસારણ, ઈન્ટરનેટ, અને મોબાઈલ અધિકારો મેળવી લીધા છે. જુલાઈ ૨૦૧૨થી શરૂ થઈને માર્ચ ૨૦૧૮ વચ્ચેના ગાળામાં એટલે કે છ વર્ષ સુધી ભારતમાં બ્રોડકાસ્ટ, ઈન્ટરનેટ અને મોબાઈલ અધિરકારો સ્ટારે મેળવી લીધા છે. રુપર્ટ મુર્ડોકની માલિકીની કંપનીએ ૩૮૫૧ કરોડમાં આ કોન્ટ્રાક્ટ મેળવ્યો છે. આ કોન્ટ્રાક્ટ હેઠળ એકંદરે ૯૬ મેચોનો સમાવેશ થાય છે.



આંકડાકીય રીતે ગણતરી કરવામાં આવે તો સરેરાશ પ્રતિમેચ ૪૦ કરોડની આસપાસ ખર્ચ હશે જે નીમબસ દ્વારા બીસીસીઆઈને અગાઉ ચુકવવામા આવેલી રકમ કરતા ખૂબ મોટી રકમ છે. નીમબસે પ્રતિ મેચ ૩૨.૫ કરોડ રૂપિયા બીસીસીઆઈને ચુકવ્યા હતા. ચુકવણીમાં ડીફોલ્ટના કારણે છેલ્લા વર્ષે બીસીસીઆઈ સાથે તેનો કરાર તૂટી ગયો હતો. સ્ટાર અને મલ્ટી સ્કીન મીડિયા (સોની) બીડ કરવામાટે માત્ર બે જ કંપનીઓ હતી. પરંતુ કુલ પાંચ કંપનીઓ હતી. ટેન્ડરો પાંચ કંપનીઓ દ્વારા ભરવામાં આવ્યા હતા. દરમિયાન મલ્ટીસ્કીન મીડિયા દ્વારા ૩૭૦૦ કરોડનુ બીડ કરવામાં આવ્યુ હતુ. દરેક બાીડરની કાયદે સરકારની પારદર્શનક ચકાસણી કરવામાં આવી હતી. ત્યાર બાદા વિજેતાની જાહેરાત કરવમાં આવી હતી. ઈએસપીએન સ્ટારે પહેલાથી જ તમામ આઈસીસી ઈવેન્ટના અધિકાર મેળવી લીધા છે. આ ઉપરાંત ઈગ્લેંડ અને ઓસ્ટ્રેલિયામાં રમાનારી સ્થાનિક મેચોના અધિકાર પણ મેળવી લીધા છે. બીસીસીઆઈની માર્કેટિંગ કમિટીએ કેટગરી એ ગેમ માટે કિંમત પ્રતિમેચ ૩૧.૨૫ કરોડ ઉપરાંત ૧ કરોડની રકમ નક્કી કરી છે. જ્યારે કેટગરી બેની ગેમ માટે ૩૪ કરોડ અને ૧ કરોડની ઉપરાંતની રકમ નક્કી કરવામાં આવી છે. નીમબસ દ્વારા મામલો કોર્ટમા લઈ જવામા આવ્યો હતો. ટેલિવિજન, ઈન્ટરનેટ, મોબાઈલ કવરેજ માટેના અધિકાર હવે સ્ટાર ઈન્ડિયા પાસે રહેશે. સ્ટાર અને મલ્ટી સ્કીન મીડિયા દ્વારા મુખ્ય સ્પર્ધા હતી.



આ અકસ્માત ત્યારે થયો જયારે હું બાઈક ચલાવતા મોબાઈલ ઉપર વાત કરતો હતો... હું પડી ગયો પરંતુ મોબાઈલ બચી ગયો.

## સચિન તેના માટે પ્રેરણા સમાન છે : યુવરાજસિંહ

બોસ્ટન,તા. ૨

ગયા વર્ષે ભારતીય ક્રિકેટ ટીમ વિશ્વકપ જીતવામાં સફળ રહી હતી. વિશ્વકપ જીત્યા બાદ પ્રથમ વર્ષગાંઠના પ્રસંગે કેન્સરની સારવાર કરાવી રહેલા યુવરાજ સિંહે કહ્યું છે કે સચિન તેંડુલકર તેના માટે પ્રેરણા સમાન છે. ગયા વર્ષે ૨જી એપ્રિલના



દિવસે ભારતે વન-ડે ક્રિકેટમાં વિશ્વકપ જીતવામાં સફળતા મેળવી હતી. ૨૮ વર્ષના લાંબાગાળા બાદ ધોનીના નેતૃત્વમાં ટીમ ઈન્ડિયાએ વિશ્વકપ ઉપર કબજો જમાવ્યો હતો. પોતાના ટ્વીટર એકાઉન્ટર પર જારી કરવામાં આવેલા વિડીયોમાં યુવરાજે કહ્યું છે કે તે વિશ્વકપ પહેલા સારા ફોર્મમાં ન હતો પરંતુ સચિન તેંડુલકરે તેની હિંમત વધારી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે યુવરાજસિંહ વિશ્વકપમાં મેન ઓફ ધ ટુર્નામેન્ટ જાહેર થયો હતો. યુવરાજે ટ્વીટર મારફતે જારી કરેલા વિડીયોમાં કહ્યું છે કે તે આટલી સારી રમત રમશે તેમ તે માનતો ન હતો. મુશ્કેલ સમયમાં સચિન પાસેથી બેટિંગ અને ફિટનેશ અંગે જરૂરી ટિપ્સ મેળવી હતી. યુવરાજનું કહેવું છે કે તેની પાસે સચિન તેંડુલકર આવ્યો હતો અને જરૂરી ટિપ્સ આપી હતી. યુવરાજે એમ પણ કહ્યું છે કે વિશ્વકપ પહેલાં બાંગ્લાદેશને ભારતીય ટીમના ઝડપી બોલર ઝહીર ખાને કહ્યું હતું કે તે વિશ્વકપ માટે તે ખાસ કરશે. આ ગાળા દરમિયાન યુવરાજને ઈજા થઈ ગઈ હતી અને તે ખરાબ ફોર્મમાં હતો. યુવરાજનું કહેવું છે કે વિશ્વકપ જીતવાની બાબત એક ગૌરવની બાબત છે. યુવરાજનું એમ પણ કહેવું છે કે તેના માટે આ તબક્કો ખૂબ જ મુશ્કેલરૂપ છે પરંતુ તે ખુશ છે કે શરૂઆતી તબક્કામાં જ કેન્સર અંગે જાણ થઈ ગઈ હતી અને તેની સારવાર શક્ય બની ગઈ છે. વર્લ્ડકપ બાદ તબીબોએ તેને કહ્યું હતુ કે તેના ફેફસામાં ટ્યુમર છે જેની સારવાર જરૂરી છે. સારવારના હેતુસર યુવરાજ અમેરિકા જતો રહ્યો હતો. ૧૮મી માર્ચના દિવસે કેમોથેરાપીના ત્રણ તબક્કા પરિપૂર્ણ થયા બાદ અમેરિકી હોસ્પિટલમાંથી યુવરાજને રજા આપી દેવામાં આવી છે. કેન્સર સાથે સંઘર્ષ કરવાના મામલે યુવરાજનું કહેવું છે કે તે કેરિયરમાં ટોચ ઉપર હતો ત્યારે કેન્સર હોવાની જાણ થઈ હતી. યુવરાજે ટીમમાં પરત ફરવાની આશા પણ વ્યક્ત કરી છે.

## તિરુપતિમાં એક દિવસમાં જ ૫.૭૩ કરોડની આવક

તિરૂમાલા, તા.૨

વિશ્વના સૌથી અમિર હિન્દુ મંદિર ગણાતા ભગવાન વેંકટેશ્વર મંદિર અથવા તો તિરુપતી મંદિરની એક દિવસની આવક રેકોર્ડ સપાટી ઉપર પહોંચી છે. તિરુપતી મંદિરની આવક ૫.૭૩ કરોડના આંકડા ઉપર પહોંચી ગઈ છે. એક જ દિવસના ગાળામાં મળેલી આ રકમ સૌથી ઉંચી રકમ છે. મળેલી માહિતી મુજબ શ્રી રામ નવમીના દિવસે ગઈકાલે



મંદિરમાં આવકે ૫.૭૩ કરોડ ઉપર પહોંચી હતી. જે એક દિવસમાં મળેલી સૌથી ઉંચી રકમ છે. મંદિર સાથે સંકળાયેલા જાણકાર લોકોનું કહેવું છે કે તિરુપતિ મંદિરમાં દરરોજ સરેરાશ આવક ૧.૬ કરોડથી ૨ કરોડની આસપાસ છેલ્લા પાંચ મહિનામાં રહી છે. અગાઉ આ વર્ષે ૧લી જાન્યુઆરીના દિવસે ૪.૨૩ કરોડની હાઈએસ્ટ હુંડી મળી હતી.

આ ઉપરાંત રોક્કડ રકમમાં પણ નવા રેકોર્ડ સર્જાયા છે. રોક્કડ ઉપરાંત સોના, ચાંદી અને અન્ય કિમતી ચીજ વસ્તુના સ્વરૂપમાં પણ હુંડી મળી છે. જેનો આંકડો મળી શક્યો નથી. સરેરાશ તિરુપતિમાં આવનાર શ્રદ્ધાળુઓની સંખ્યા ૬૦ હજારથી ૭૦ હજારની વચ્ચે રહે છે. તિરુપતિના ઈતિહાસમાં ૧ દિવસની સૌથી ઉંચી રકમ મળી છે. હુંડી કલેક્શન સેન્ટરમાં કારોબારી અધિકારીનું કહેવું છે કે રેકોર્ડ રોકડ રકમ સૌથી ઉંચી છે. રવિવારના દિવસથી નવા ફાઈનેનસિયલ વર્ષની શરૂઆત થઈ છે. હુંડી કલેક્શનની ગણતરી સવારે ૭ વાગે શરૂ થઈ હતી જે સાંજે ૭ વાગ્યે સુધી ચાલી હતી. ૧લી જાન્યુઆરી ૨૦૧૧ના દિવસે મંદિરમાં ૩.૮ કરોડની રકમ મળી હતી. જે એક વખતે રેકોર્ડ સમાન હતી. આ વખતે તિરુપતિમાં નવો રેકોર્ડ સર્જાયો છે.

## રશિયન વિમાન ઉડાન બાદ તરત જ સાઈબેરિયામાં દુર્ઘટનાગ્રસ્ત : ૩૧ના મોત

### વિમાન દુર્ઘટનાગ્રસ્ત થયા બાદ તરત આગ ફાટી નિકળી બચી ગયેલા બધા યાત્રીઓને હોસ્પિટલમાં દાખલ કરાયા

મોસ્કો,તા. ૨

૪૩ વિમાની યાત્રીઓને લઈ જતુ યાત્રી વિમાન આજે સવારે ઉડાણ ભર્યા બાદ તરત જ સાઈબેરિયામાં દુર્ઘટનાગ્રસ્ત થતા ઓછામાં ઓછા ૩૧ લોકોના મોત થયા હતા. અને અન્ય મોટી સંખ્યામાં લોકો ઘાયલ થયા હતા. ઘાયલોની સંખ્યા ૧૨ જેટલી આંકવામાં આવી છે. વિમાનમાં ૪૯ યાત્રીઓ અને ચાર ક્રુ મેમ્બર હતા. અગાઉ સ્થાનિક સત્તાવાળાઓએ મોતનો આંકડો ૩૨ મુક્યો હતો. પરંતુ ત્યારબાદ આંકડો સુધારીને ૩૧ કરવામાં આવ્યો હતો. વિમાનના પાયલોટે ઈમરજન્સી ઉતરાણ કરવાના પ્રયાસો કર્યા હતા. તપાસ ટીમે કહ્યું છે કે વિમાન દુર્ઘટનાગ્રસ્ત થયા બાદ તેમાં આગ ફાટી નિકળી હતી. ફ્રાન્સ ઈટાલિયન કંપની દ્વારા આ વિમાન બનાવવામાં આવ્યું હતું. ગયા વર્ષે ૧૫ રશિયન વિમાન દુર્ઘટનાગ્રસ્ત થયા હતા. જેમાં ૧૨૦ લોકોના મોત થયા છે. આનાથી જાળવણી અંગે પ્રશ્ન ઉભા થયા હતા. સપ્ટેમ્બરમાં પણ એક વિમાન તુટી પડતા ૪૪ લોકોના મોત થયા હતા.



રશિયન ઈમરજેન્સી અધિકારીઓએ માહિતી આપતા અગાઉ કહ્યું હતું કે વિમાનમાં રહેલા મોટી સંખ્યામાં લોકો બચી પણ ગયા છે. એટીઆર-૭૨ ફ્રાન્સ ઈટાલિયન બનાવટનું ટ્વીન એન્જિનવાળુ ટર્બોપ્રુફ વિમાન આજે સવારે દુર્ઘટનાગ્રસ્ત થઈ ગયું હતું. યુટેર દ્વાર ઓપરેટેડ આ વિમાને ટ્યુમેનથી ઓઈલ શહેર સરગટ માટે ઉડાણ ભરી હતી. બનાવની જાણ થયા બાદ તરત જ બાચવ અને રાહત કામગીરી હાથ ધરવામાં આવી હતી. બચી ગયા લોકોના મામલામાં વિરોધાભાષી આંકડા મળી ગયા છે. બચી ગયેલા લોકોને સારવાર માટે હેલિકોપ્ટર દ્વારા ખસેડવામાં આવ્યા હતા. ૩૧ યાત્રીઓના મૃતદેહ મળી આવ્યા છે. વિમાન દુર્ઘટના થયાની જાણ થતા જ આ વિમાન કંપનીના ટોંચના અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. યાત્રી વિમાન દુર્ઘટાગ્રસ્ત કઈ રીતે થયું તે અંગે માહિતી આપવામાં આવી નથી. તમામ નાગરિકોની ઓળખ થઈ ગઈ છે. રશિયન સરકારે વિમાન દુર્ઘટના મામલે ચિંતા વ્યક્ત કરી છે. બચાવ અને રાહત કામગીરી તરત હાથ ધરાઈ ન હતી. પરંતુ બનાવની જાણ થયા બાદ તપાસ ઝડપથી આગળ વધી હતી.

## આરટીઈ છતાંય સ્કૂલ ડ્રોપ આઉટ રેટમાં વધારો

નવી દિલ્હી, તા. ૨

રાજ્ય અને કેન્દ્રશાસીત પ્રદેશો દ્વારા આકરા પગલા લેવામાં આવ્યા હોવા છતાં સ્કૂલ ડ્રોપ આઉટના બનાવોમાં વધારો થયો છે. કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારો દ્વારા પુરતા પગલા લેવામાં આવી રહ્યા છે. છતાં સ્કૂલ ડ્રોપ આઉટમાં વધારો થઈ રહ્યો છે. ગુજરાત અને તમિલનાડુ જેવા પ્રગતિશીલ રાજ્યોમાં પણ આંકડામાં વધારો થયો છે. રાઈટ ટુ એજ્યુકેશન (આરટીઈ) છતાં સ્કૂલ ડ્રોપ આઉટમાં વધારો થતા ચિંતાનું મોજુ ફરી વળ્યું છે. પ્રાથમિક શિક્ષણમાં ડ્રોપ આઉટ રેટ વધી ગયો છે. એકંદરે સ્કૂલમાં સંખ્યા વધી છે. રાઈટ ટુ એજ્યુકેશન એક્ટને અમલી બનાવી દેવામાં આવ્યા બાદથી ૨ વર્ષ થઈ ગયા છે. પરંતુ સ્કૂલ ડ્રોપ આઉટ રેટમાં ઘટાડો થઈ રહ્યો નથી. આ સ્કીમ માટે ફંડની રકમ બે ગણી કરી દેવામાં આવી છે. એનરોલમેન્ટમાં વધારો થયો છે. વર્ષ ૨૦૧૦-૧૧માં વધુ બાળકો ડ્રોપ આઉટ થયા હતા. ૩૦ રાજ્યો પૈકીના ૧૦ રાજ્યોમાં વર્ષ ૨૦૦૯-૧૦ની સરખામણીમાં વર્ષ ૨૦૧૧માં ડ્રોપ આઉટનો આંકડો વધી ગયો હતો. તમિલનાડુ અને ગુજરાતમાં પણ ડ્રોપ આઉટ રેસિયોમાં વધારો થયો છે. ૦.૧ ટકાથી ૧.૨ ટકા ૩.૯ ટકાથી ૪.૩ ટકાનો વધારો થયો છે. વર્ષ ૨૦૦૯-૧૦માં તમિલનાડુ અને ગુજરાતમાં આ આંકડો વધ્યો છે. અગાઉના તેમના માર્ગથી પીછેહટ કરી જવા તેમાં રાજ્યોમાં મધ્યપ્રદેશ, હરિયાણા, મિઝોરમ, સિક્કીમ, ત્રિપુરા, અંડમાન અને નિકોબાર દ્વીપ અને દમણ અને દિવનો સમાવેશ થાય છે. રાઈટ ટુ એજ્યુકેશન (આરટીઈ) હેઠળ ફંડ ફાળવણી વર્ષ ૨૦૦૯-૧૦માં ૧૩૧૦૦ કરોડ રૂપિયા હતી. જે વર્ષ ૨૦૧૨-૧૩માં વધારીને ૨૫૫૫૫ કરોડ કરી દેવામાં આવી છે. દેશમાં વાર્ષિક સરેરાશ ડ્રોપ આઉટ રેટ ૯.૧ ટકાથી ઘટીને ૬.૮ ટકા થયો છે. જ્યારે એનરોલમેન્ટમાં આ ગાળા દરમિયાન વધારો થયો છે. એનરોલમેન્ટનો આંકડો ૧૩.૩૪ કરોડથી વધીને ૩.૫૨ કરોડ થઈ ગયો છે. માનવ સંશાધન વિકાસ પ્રધાન કપિલ સિબ્બલે કહ્યું છે. આરટીઈના હેતુને પૂર્ણ કરવા માટે શિક્ષણની ગુણવત્તામાં સુધારો કરવામાં આવે તે જરૂરી છે. તેમણે ધ્યાન દોર્યુ છે કે બિહાર જેવા રાજ્યમાં ડ્રોપ આઉટ રેટમાં ઘટાડો થયો છે. અહી ડ્રોપ આઉટ રેટ ઘટીને ૭ ટકા થયો છે. આ ઉપરાંત ઝારખંડ, નાગાલેન્ડ, ઉત્તરપ્રદેશમાં પણ ડ્રોપ આઉટ રેટ ઘટ્યો છે. કેટલાક રાજ્યોમાં ઘટાડો થયો છે. ૩૧ જેટલા રાજ્યો આરટીઈની જોગવાઈ મુજબ શૈક્ષણિક ઓથોરિટીની વાત કરી ચુક્યા છે. સર્વશિક્ષા અભિયાન હેઠળ ૪.૯૬ લાખ ક્લાસરૂમને મંજુરી આપવામાં આવી છે. સર્વશિક્ષા અભિયાન આરટીઈ સાથે સંબંધિત છે.

## કેન્સરની દવાઓની કિંમત અંકુશમાં આવી શકી નથી

નવી દિલ્હી, તા. ૨

ચાવીરૂપ કેન્સરોની દવાઓની કિમતને અંકુશમાં લેવામાં ભાવ નિયંત્રણ વ્યવસ્થાને સફળતા હાથ લાગી નથી. કૃષિ પ્રધાન શરદ પવારના નેતૃત્વમાં ગૃપ ઓફ મિનિસ્ટર્સ (જીઓએમ)ની મિટિંગ ટૂંક સમયમાં જ મળશે. જેમાં ચાવીરૂપ કેન્સરની દવાઓ અને અન્ય દવાઓના મામલે ભાવ નિતિને આખરીઓપ આપવામાં આવશે. મેડિશિન પ્રાઈઝ રેગ્યુલેટરને કિમતો અંકુશમાં લેવામાં સફળતા મળી નથી. નેશનલ ફાર્માસ્યુટીકલ પ્રાઈઝિંગ ઓથોરિટી માને છે કે કિમતો અંકુશમાં આવી નથી. રસાયણ અને ખાતર મંત્રાલય દ્વારા તેને સુચવવામાં આવેલી વ્યવસ્થા અમલી બનાવવામાં આવી નથી. અતિ ઉપયોગી બની ગયેલી કેન્સરની દવાઓની કિમતોને અંકુશમાં લેવા અસરકારક રસ્તાઓની માંગણી પણ કરવામાં આવી છે.

રેનબેક્સી, સિપ્લા, ગ્લેક્સોસ્મિથ લાઈન, નવરાપીસ જેવી આશરે ૨૦ જેટલી સ્થાનિક અને મલ્ટીનેશનલ દવા બનાવતી કંપનીઓ ઉપર તવાઈ લાવવામાં આવી શકે છે. વર્તમાન ડ્રગ પાઈઝ કંટ્રોલમાં લોકોને ધ્યાનામાં લઈને નવી જોગવાઈ ઉમેરવામાં આવી છે. આના ભાગરૂપે આ દવાઓની કિમત નક્કી કરવા એનપીપીએને સત્તા આપવામાં આવી હતી.

## લાદેનની ત્રણ પત્નીને ૪૫ દિનની જેલની સજા

ઈસ્લામાબાદ, તા. ૨

અલ કાયદાના લીડર ઓસામા બિન લાદેનની ત્રણ પત્ની અને બે પુત્રીને પાકિસ્તાનામાં ગેરકાયદે પ્રવેશ કરવા અને રહેવાના મામલામાં અપરાધી ઠેરવીને ૪૫ દિવસ જેલની કરવામાં આવી છે. આ ઉપરાંત ૧૦ હજાર રૂપિયાનો દંડ પણ કરવામાં આવ્યો છે. પાકિસ્તાનની કોર્ટે આજે આ સજા ફટકારી હતી. શક્ય તેટલી વહેલી તકે આ તમામ લોકોને પાકિસ્તાનથી મોકલી દેવામાટે પણ સૂચના આપવામાં આવી છે. વકીલ મોહમ્મદ આમિરે કહ્યું હતું કે જેલની સજા ૩ માર્ચથી અમલમાં આવી ગઈ છે. લાદેનના પરિવારની પાકિસ્તાનમાં ગેરકાયદે રીતે રહેવાના આરોપસર આ દિવસે જ ધરપકડ કરવામાં આવી હતી. સજા પૂરી થવા સુધી આ લોકો ઈસ્લામાબાદ સ્થિત પોતાના આવાસમાં જ રહેશે. લાદેનની પત્નીઓ ઈસ્લામાબાદના જ



આવાસમાં રહે છે તેને અધિકારીઓએ નાની જેલ જાહેર કરી છે. આવાસ બહાર વકીલ આમિરે કહ્યું હતું કે ગૃહ સચિવને ઝડપથી તેમનું પ્રત્યાર્પણ કરવાંની વ્યવસ્થા કરવા માટે તાકીદે કરાઈ છે. લાદેનની સૌથી પ્રિય અને નાનની પત્ની (ત્રીજી) અમલના ભાઈ જકારિયા અહમદ અબ્દ અલાફતહએ પણ સજાની પૃષ્ટિ કરતાં કહ્યું હતું કે દરેક દોષિતને ૧૦,૦૦૦ દંડ કરાયો છે. ફતહએ કહ્યું હતું કે કોર્ટે તેમના પ્રત્યાર્પણ માટે જરૂરી તમામ દસ્તાવેજો તાકીદે તૈયાર કરવા નિર્દેશ આપ્યો હતો. નોંધનીય છે કે લાદેનની ત્રીજી પત્ની યમનની છે અને બાકી બે પત્ની સાઉદી અરબના છે.

## એનસીટીસી રચનાની પ્રક્રિયાને રોકી દેવા જયાની અપીલ

ચેન્નાઈ, તા. ૨

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીના જોરદાર વિરોધ બાદ હવે તેમના તમિલનાડુ સમકક્ષ જયલલિતાએ પણ એનસીટીસીની રચનાને હાલ રોકી દેવા કેન્દ્ર સરકારને અપીલ કરી છે. વડા પ્રધાન મનમોહનસિંહને લખવામાં આવેલા પત્રમાં જયલલિતાએ કહ્યુ છે કે આ આશ્ચર્ય જનક બાબત છે કે મુખ્યમંત્રીઓની મીટિંગ આંતરિક સુરક્ષાઓ અંગે જુદા જુદા મામલા પર ચર્ચા કરવા ૧૬મી એપ્રિલના દિવસે બોલવવામાં આવી છે. આંતરિક સુરક્ષમાં નેશનલ કાઉન્ટર ટેરેરિઝમ સેન્ટર (એનસીટીસી)નો સમાવેશ થાય છે. જયલલિતાએ આના માટે અલગ મીટિંગ બોલાવવાની માંગણી કરી છે. આ કમનસીબ બાબત છે કે જુદા જુદા રાજ્યોના મુખ્યમંત્રીઓની ભાવનાને ધ્યાનમાં લીધા વગર એનસીટીસીની રચના કરવાની પ્રક્રિયા તીવ્ર બનાવવામાં આવી રહી છે. જયલલિતાએ કહ્યુ હતુ કે આના માટે અલગ મીટિંગ બોલવવી જોઈએ. જયાના જણાવ્યા મુજબ હાલના તબક્કે એનસીટીસીની રચનાની પ્રક્રિયા મોકૂફ રાખવી જોઈએ. આ મામલે ચર્ચા કરવા મુખ્યમંત્રીઓની અલગ બેઠક બોલાવવી જોઈએ. જયલલિતાએ કહ્યુ હતુ કે તેઓ અગાઉ ચોક્કસ જોગવાઈ સામે વિરોધ કરીને તેમની નારાજગી વ્યક્ત કરી ચુક્યા છે. એનસીટીની રચના અને તેની કામગીરી માટે ગૃહ મંત્રાલયને તેમની નારાજગી અંગે વાત કરી ચુક્યા છે. જુદી જુદી રાજ્ય સરકારો સાથે વાતચીત કર્યા વગર આની રચનાના પ્રયાસો થયા છે. ઘણા મુખ્યમંત્રીઓ વડાપ્રધાન સમક્ષ રજૂઆત કરી ચુક્યા છે. મુખ્યમંત્રીઓની રજૂઆત તરફ ધ્યાન આપવાની જરૂર છે. કાઉન્ટર ટેરેરિઝમ અંગે હેતુપૂર્ણ ચર્ચા થવી જોઈએ અને આ ચર્ચાના પરિણામ જાહેર કરવા જોઈએ. શનિવારના દિવસો મમતા બોનર્જીએ વડાપ્રધાન મનમોહનસિંહને પત્ર લખ્યો હતો અને કહ્યુ હતુ કે એનસીટીસી ખૂબજ સંવેદનશીલ મામલો છે અને મીટિંગમાં આ મુદ્દો ચર્ચાવો જોઈએ તમામ રાજ્યો તેમના અભિપ્રાય વ્યકત કરી શકે તે માટે તક મળવી જોઈએ. એનસીટીસીના મામલે વિસ્તાર પૂર્વક ચર્ચા ખૂબ જ મહત્વપૂર્ણ બની ગઈ છે. સરકાર આ મામલે પોતે વિવાદમાં છે.

## ઈન્ડિયન જ્વેલર્સની હડતાલ યથાવત

મુંબઈ, તા. ૨

ઈન્ડિયન જ્વેલર્સની હડતાલ યથાવત રીતે જારી રહી છે. જેના પરીણામ સ્વરૂપે બુલિયન બજારમાં વિશ્વમાં સૌથી મોટા ખરીદાર ભારતમાં સોના અને ચાંદીની માંગને માઠી અસર થઈ છે. ઉપરાંત આયાતને પણ માઠી અસર થઈ છે. ઓલ ઈન્ડિયા જેમ્સ એન્ડ જ્વેલર્સ ટ્રેડ ફેડરેશનના ચેરમેન બચ્ચારાજ બામાલવાએ કહ્યું છે કે અમારી હડતાલ હજુ પણ જારી છે. એક બે દિવસમાં નાણામંત્રી પ્રણવ મુખર્જી અમારી વાત ચોક્કસપણે સાંભળશે. તેમણે કહ્યું હતું કે હડતાલના લિધે સોના અને ચાંદીના વેચાણને પણ અસર થઈ છે. નાણામંત્રી પ્રણવ મુખર્જીએ અનબ્રાન્ડેડ જ્વેલરી પર એક્સાઝ ડ્યુટીમાં વધારો કરી દીધો હતો. સાથે સાથે સોના પર આયાત ડ્યુટી પણ વધારી દીધી હતી. ઉપરાંત બે લાખથી વધુની કિંમતની લેવડ દેવડ પર ટેક્સ લાગુ કરવાની પણ દરખાસ્ત મુકી હતી. ચાંદી ઉપર આયાત ડ્યુટી છ ટકા યથાવત રાખવામાં આવી હતી. ઓલ ઈન્ડિયા જેમ્સ એન્ડ જ્વેલરી ટ્રેડ ફેડરેશનના ચેરમેને કહ્યું છે કે જો એક્સાઈઝ ડ્યુટી સંપૂર્ણ પણે પરત ખેંચવામાં આવશે તો જ હડતાળ પાછી ખેંચવામાં આવશે. જો એમ કરમવામાં નહિં આવે તો અન્ય વિકલ્પ પર વિચારણા કરવામાં આવશે. હડતાળ ચાલુ રાખવામાં આવશે. ૨૭મી માર્ચના દિવસે નાણામંત્રી પ્રણવ મુખર્જીએ એક્સાઈઝ ડ્યુટીને દૂર કરવા માટે માંગણીમાં ચકાસણી કરવાની ખાત્રી આપી હતી. પ્રણવે એમ પણ કહ્યું હતું કે યોગ્ય વિકલ્પ શોધી કાઢવામાં આવશે. હડતાળ અને વિરોધના કારણે માર્ચમાં સોના અને ચાંદીને આયાતને ખૂબજ માઠી અસર થઈ છે. સોનાની શિપમેંટમાં ૯૫ ટકા સુધીનો ઘટાડો થઈ ચૂક્યો છે. દરમ્યાન મુંબઈ જ્વેલર્સ એશોસીએશનના ઉપપ્રમુખ કુમાર જૈને કહ્યું છે કે સોના અને ચાંદીના કોઈપણ કારોબાર થયો નથી.

## સુધારવામાં આવેલા આકાશ ટેબલેટ મે માસમાં લૉન્ચ થશે

કોલકાતા, તા. ૨

માનવ સંશાધન વિકાસ પ્રધાન કપીલ સિબ્બલે આજે માહિતી આપતા કહ્યુ હતુ કે લોક કોસ્ટ ટેબલેટ પીસીની ઝડપી અને ચકાસણી કરવામાં આવી રહી છે. વિદ્યાર્થીઓ તરફથી મળેલા ફીડબેકના આધાર ઉપર વાણિજ્ય ઉત્પાદનની ચકાસણીની પ્રક્રિયા ચાલી રહી છે. નવા ટેબલેટ ત્રણ



કલાકની બોટરી બોકઅપની સાથે ૩૨૦૦ એમએએચ બેટરી સાથે હશે. આ ઉપરાંત તેમાં ૭૦૦ એનએચઝેડ કોર્ટેક્સ એ ૮ પ્રોસેસર અને કેપ્ટયુ ટચ સ્કીન હશે. જે અગાઉ કરતા વધુ સારા અને અતિ આધુનિક હશે. કપિલ સિબ્બલે કહ્યુ હતુ કે પ્રથમ તબક્કામાં ૧૦૦૦૦૦ ટેબલેટ બનાવવમાં આવશે જે ઉચ્ચ શિક્ષણની શૈક્ષણિક સંસ્થાઓના વિદ્યાર્થીઓને આપવામા આવશે. વિદ્યાર્થીઓને ટેબલેટ આપવાની વાત કર્યા હોવાની વાત કરવમાં આવ્યા બાત ઉત્સુકતા પ્રવર્તી રહી છે. વિદ્યાર્થીઓને આ પ્રકારના સસ્તે ટેબલેટ ઉપલબ્ધ કરાવાશે.

સુધારવામાં આવેલી આવૃતિ મેં મહિનામાં ટ્રાયલ આધાર ઉપર લોન્ચ કરવામાં આવશે. સુધારવામાં આવેલા આકાશ ટેબલેટ મે મહિનામાં લોન્ચ કરવાની વાત કરવમાં આવતા વિદ્યાર્થીઓમાં ઉત્સુકતા વધી ગઈ છે. આઈસીસી આયોજિત ઉચ્ચ શિક્ષણ કોનકલ્વેના ભાગરૂપે સિબ્બલે કહ્યુ હતુ કે આકાશની બીજી આવૃતિ મે મહિનામા લોન્ચ કરી દેવામા આવશે. તેમણે એમ પણ કહ્યુ હતુ કે ટેબલેટ પીસીની